**Gandhinagar Samachar**

**Edition:** Ahmedabad | **Date:** July 05, 2009 | **Page No:** 05 | **Category:** Krishna Hospital

# 'ની રિપ્લેસમેન્ટ' સર્જરીની નવી ટેકનિકમાં હવે ફિઝીયોથેરાપીની જરૂર રહેશે નહીં

ચંદ્રા 'ની ક્લીનીક' ના ચીફ 'ની રિપ્લેસમેન્ટ' સર્જન અને ક્રિષ્ના હાર્ટ એન્ડ સુપર સ્પેશ્યાલીટી ઈન્સ્ટીટ્યુટના જોઈન્ટ રિપ્લેસમેન્ટ ડીપાર્ટમેન્ટના હેડ ડૉ. કે.સી. મહેતા દ્વારા 'ની રિપ્લેસમેન્ટ સર્જરીની એક નવી ટેનિક વિકસાવવામાં આવી છે જેમાં દર્દીએ ફિઝીયોથેરાપી કરાવવાની જરૂર રહેતી નથી. ડૉ. કે.સી. મહેતાએ સફળતાપૂર્વક આ નવી ટેકનિકનો ઉપયોગ કરીને ૨૫૦ થી વધુ દર્દીઓની 'ની રિપ્લેસમેન્ટ' સર્જરી કરી છે.

ડૉ. અનિમીષ ચોકસી, મેનેજિંગ ડિરેક્ટર, ક્રિષ્ના હાર્ટ એન્ડ સુપર સ્પેશ્યાલિટી ઈન્સ્ટીટ્યુટ અમદાવાદના જણાવ્યા અનુસાર ક્રિશ્ના નવતર પ્રકારની ડાયાગ્નોસ્ટીક અને ટ્રીટમેન્ટ પ્રોસીજરનો ઈતિહાસ ધરાવે છે તથા હોસ્પિટલમાં કાર્ડીયોલોજી, જોઈન્ટ રિપ્લેસમેન્ટ તથા અન્ય તબીબી ક્ષેત્રોમાં વિસ્તૃત કામગીરી થઈ છે. 'ની રિપ્લેસમેન્ટ' સર્જરીની આ નવી ટેકનિક અમે શ્રેષ્ઠ હેલ્થકેર અને મેડિકલ સર્વિસીસ આપવા સતત પ્રયત્નશીલ છીએ તેનું ઉદાહરણ છે.

ક્રિષ્ના હોસ્પિટલ્સની સર્વિસીસના વિસ્તરણ અંગે માહિતી આપતા ડૉ. ચોકસીએ વધુમાં જણાવ્યું કે, 'પરિમલ ગાર્ડન, કાંકરીયા અને બાપુનગર ખાતેની ક્રિશ્ના હોસ્પિટલમાં પણ હવે જટીલ પ્રકારની કાર્ડિયાક પ્રોસીજર્સ અને બાયપાસ સર્જરીઝ થાય છે.

ડૉ. કે.સી. મહેતાએ વિકસાવેલી અજોડ ટેકનિકમાં એક નાનો કાપો મુકવામાં આવે છે. દર્દી વાસ્તવમાં બીજા દિવસથી જ વોકરની મદદથી ચાલતો થઈ જાય છે અને દર્દીને શસ્ત્રક્રિયાના ૩ થી ૪ દિવસમાં રજા આપી દેવામાં આવે છે.